/

સમાજ સુરક્ષા હસ્તકની વડોદરા જિલ્લા ખાતે આવેલી સંસ્થાઓના વહીવટ અંગે નિયામકશ્રી, સમાજ સુરક્ષા તથા દિપક ફાઉન્ડેશન વચ્ચે થયેલ દ્રિપક્ષીય કરારની મુદ્દત ૨૦૨૨-૨૦૨૭ સુધી વધારી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૬/૪૨૪૪૩૬/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫ /૦૭/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:જા.નં.અપગ/૨૨-૨૩/૭૪૮૮. તા.૨૪/૦૬/૨૦૨૨.
(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૬૪૨૪૪૩૬છ, તા.૩૦/૮/૨૦૧૭.

પ્રસ્તાવના:-

વડોદરા શહેરની સમાજ સુરક્ષા ખાતાના નિયંત્રણ હેઠળની જુવેનાઇલ હોમ ફોર બોયઝ, અપંગ બાળગૃહ, સરકારી અંધશાળા, આફટર કેર હોસ્ટેલ, સૂચિત વૃધ્ધાશ્રમ જેવી વિવિધ સરકારી સંસ્થાઓ અલગ અલગ સ્થળે કાર્યરત છે. આ તમામ સંસ્થાઓને એક જ જગ્યાએ વધુ સુવિધાઓ આપી ગુણવત્તાસભર વહીવટ ચલાવવા માટે દિપક ફાઉન્ડેશન વડોદરા તથા નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર વચ્ચે સંચાલન અને વ્યવસ્થાપન માટે સમજુતી કરાર તા.૦૧/૦૨/૨૦૧૭ના રોજ (૨૦૧૭-૨૦૨૨) થયેલ હતા. વંચાણે લીધા ક્રમ (૨) થી આ કરારને મંજૂરી આપવામાં આવેલ હતી.

આ કરાર મૂજબ સમાજના અનાથ, નિરાધાર, મા-બાપથી ભુલા પડી ગયેલા, સમાજે ત્યજી દીધેલા વિગેરે અપંગ, અંધ, બહેરામુંગા, વૃધ્ધો-અશકતો વિગેરેના રક્ષણ, શિક્ષણ, આરોગ્ય જેવી મુળભુત જરૂરીયાતો પુરી પાડવા તથા સમાજમાં પગભર કરવા માટેની પ્રવૃતિઓનું સંચાલન તેમજ તેઓનું પુન:સ્થાપન કરવાનું રહે છે.

ઉપરોકત કામગીરી માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એકટ-૨૦૦૦ તેમજ વિકલાંગ ધારાની જોગવાઈઓ મુજબ તેનું અમલીકરણ કરવા માટે વડોદરા ખાતે સમાજ સુરક્ષા ખાતા સંચાલિત નીચે મુજબની સંસ્થાઓના વહીવટ અંગે નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર તથા દિપક ફાઉન્ડેશન વડોદરા વચ્ચે થયેલ દ્રિપક્ષીય કરારની મુદ્દત ફેબ્રુઆરી-૨૦૨૨ ના રોજ પૂર્ણ થતા. આ કરારની મુદ્દત વર્ષ ૨૦૨૨-૨૦૨૭ સુધી વધારવા માટેની મંજૂરી સરકારશ્રીએ આપેલ છે, જે અંગેનો ઠરાવ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમ (૧) થી કરવામાં આવેલ છે. જે સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

(૧) જુવેનાઇલ હોમ, શાસ્ત્રી બ્રિજ પાસે, વડોદરા.
(૨) અપંગ બાળગૃહ, પેન્શન પુરા, વડોદરા.
(૩) સરકારી અંધશાળા, પેન્શન પુરા, વડોદરા.
(૪) આફટરકેર હોસ્ટેલ, પેન્શન પુરા, વડોદરા.
(૫) સૂચિત વૃધ્ધાશ્રમ.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે સમાજ સુરક્ષા હસ્તકની વડોદરા જિલ્લાની (૧) જુવેનાઇલ હોમ (૨) અપંગ બાળગૃહ (૩) સરકારી અંધશાળા (૪) આફટરકેર હોસ્ટેલ (૫) સૂચિત વૃધ્ધાશ્રમ સંસ્થાઓના વહીવટ અંગે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર તથા દિપક ફાઉન્ડેશન વચ્ચે તા.૦૧/૦૨/૨૦૧૭ના રોજ થયેલ દ્રિપક્ષીય કરારને વર્ષ ૨૦૨૨-૨૦૨૭ સુધી વધારવાની આથી નીચે મુજબ મંજુરી આપવામાં આવે છે.

સદરહુ કરારમાં થયેલી જોગવાઈ મુજબ આ કરાર શરૂઆતના પાંચ વર્ષ માટે ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૭ સુધી અમલમાં રહેશે અને ત્યારપછી સિધ્ધિના સુચક આંક સમીક્ષાના આધારે બીજા પાંચ વર્ષ માટે તેનું નવીનકરણ કરવામાં આવશે. તથા સરકાર સંચાલિત સંસ્થા હોય છે તે મુજબ એમઓયુ હેઠળ સૂચિત ભાગીદારી પબ્લીક પ્રાયવેટ કરાર મુજબ સરકાર બધી સંસ્થાઓના તમામ આવર્તક ખર્ચ ભોગવશે જ્યારે દિપક ફાઉન્ડેશન સંસ્થાઓના Capital Expenditure ભોગવશે અને વ્યવસ્થાપનમાં જથ્થાત્મક તેમજ ગુણાત્મક કુશળતા લાવશે અને કામગીરી માટે સંકુલના સંચાલન માટે સરકારના ભંડોળ ઉપરના તમામ વધારના ખર્ચ ભોગવશે.

આ વિભાગના સમાન ક્રમાંકનાં તા.૩૦/૦૮/૨૦૧૭ નાં ઠરાવમાં દર્શાવેલ કરારની શરતો તેમજ બોલીઓને આધીન નીચે જણાવેલ મહેકમના ફીક્સ પગાર તેમજ આઉટસોર્સના માળખાને મંજુરી આપવામાં આવે છે.

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યા | પગાર ધોરણ | માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|---|
| ૧ | સુપ્રિન્ટેન્ડન્ટ | ૧ વર્ગ-૩ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૪૦૦ | રૂ.૧૧,૦૦૦/- |
| ૨ | પ્રોબેશન ઓફિસર | ૪ વર્ગ-૩ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૮૦૦ | રૂ.૧૧,૦૦૦/ |
| ૩ | સીનીયર કલાર્ક | ૧ વર્ગ ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૪૦૦ | રૂ.૧૧,૦૦૦/ |
| ૪ | જુનીયર કલાર્ક | ૧ વર્ગ ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૧૯૦૦ | રૂ.૧૦,૦૦૦/- |
| ૫ | શિક્ષકો | ૮ વર્ગ-૩ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૪૦૦ | રૂ.૧૧,૦૦૦/ |
| ૬ | નર્સ | ૪ વર્ગ-૩ | ૪૪૪૦-૭૪૪૦- ગ્રેડ પે-૧૬૦૦ | રૂ.૧૦,૦૦૦/- |
| ૭ | રસોઇયા | ૧ વર્ગ ૪ | ૪૪૪૦-૭૪૪૦- ગ્રેડ પે-૧૩૦૦ | આઉટ સોર્સ |
| ૮ | મદદ રસોઇયા | ૩ વર્ગ-૪ | ૪૪૪૦-૭૪૪૦- ગ્રેડ પે-૧૩૦૦ | આઉટ સોર્સ |
| ૯ | ચોકીદાર | ૨ વર્ગ-૩ | ૪૪૪૦-૭૪૪૦- ગ્રેડ પે-૧૩૦૦ | આઉટ સોર્સ |
| ૧૦ | માળી | ૨ વર્ગ-૪ | ૪૪૪૦-૭૪૪૦- ગ્રેડ પે-૧૩૦૦ | આઉટ સોર્સ |
| ૧૧ | પટાવાળા | ૧ વર્ગ-૪ | ૪૪૪૦-૭૪૪૦ ગ્રેડ પે-૧૩૦૦ | આઉટ સોર્સ |
| ૧૨ | ડયુટી ગાર્ડ | ૬ વર્ગ ૪ | ૪૪૪૦-૭૪૪૦- ગ્રેડ પે-૧૩૦૦ | આઉટ સોર્સ |
| ૧૩ | સ્વીપર | ૩ વર્ગ ૪ | ૪૪૪૦-૭૪૪૦- ગ્રેડ પે-૧૩૦૦ | આઉટ સોર્સ |
| ૧૪ | પા.ટા.વી.એમ.ઓ | ૧ | ૫૦૦ ફિકસ | |
| | કુલ | ૩૮ | | |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૪/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(લીના કે વાઘેલા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાના વિભાગ સચિવા/લય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, મારફતે
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, મારફતે
- સર્વે મામલતદારશ્રીઓ ,નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬,ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, મારફતે
- નાણાકીય સલાહકારશ્રી,નાણા વિભાગ (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ/ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટનન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર મારફતે.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર મારફતે.
- છ૧/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ